**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૭ જાન્યુઆરી ૨૦૧૦**

# રામ નાઈક અમૃતમહોત્સવ ગ્રંથ માટે આવાહ્ન

**મુંબઈ,ગુરૂવાર :** જનસેવાનું વ્રત જીવનભર ખંતપૂર્વક પાળનારાં જયેષ્ઠ ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન નાં જીવનનું આ અમૃત મહોત્સવ વર્ષ છે. ભારતીય જનતા પક્ષ નાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને માજી કેંદ્રિય પ્રધાન શ્રીમતી જયવંતીબેન મહેતા ની અધ્યક્ષતા તળે શ્રી રામ નાઈક નાં સહૃદયી અને સહકારીઓએ 'રામ નાઈક અમૃત મહોત્સવ સમિતી' ગઠિત કરી હોઈ આગામી મહિનામાં અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.સમિતી નાં કાર્યાધ્યક્ષ ભાજપ મુંબઈ અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી સાથે શ્રી મધુ ચવ્હાણ અને શ્રી જયપ્રકાશ ઠાકૂર સંયુકત કાર્યવાહ છે.

અમૃત મહોત્સવ ના નિમિત્તે શ્રી રામ નાઈક નાં સન્માનાર્થે ગૌરવ ગ્રંથ પ્રકાશિત કરવામાં આવવાનો હોઈ તેમાં શ્રી રામ નાઈક ના બહુમુખી વ્યકતીત્વ પર, કાર્યો પર પ્રકાશ પાથરનારાં માન્યવરોના લેખ તેમજ સહકારીઓના, ચાહકોના, જનતાના વિવિધરંગી સંસ્મરણીય અનુભવ સંકલિત કરવાનું સમિતિ એ ઠરાવેલ છે. પાછલાં પચ્ચાસ વર્ષની રાજકીય, સામાજીક કારકિર્દી માં શ્રી રામ નાઈક નો હજારો લોકો સાથે વ્યકતિગત સંપર્ક સધાયો. સેંકડો અપરિચિતો માટે પણ શ્રી રામ નાઈકે કામ કર્યું. આ સર્વેએ પોતાના ભાવવિશ્વમાં શ્રી રામ નાઈક ને વિશેષ સ્થાન આપેલ છે. શ્રી રામ નાઈક ના આ ચાહકોએ શ્રી રામ નાઈક ના વિષે પોતાના સંસ્મરણીય અનુભવો શબ્દબધ્ધ કરી પાઠવવાનું આવાહ્ન સમિતીના અધ્યક્ષા શ્રીમતી જયવંતીબહેન મહેતાએ કરેલ છે. ચુનંદા અનુભવો નો સમાવેશ ગૌરવ ગ્રંથમાં કરવાનો હોઈ નાગરિકોએ ૨૦ જાન્યુઆરી સૂધી રામ નાઇક અમૃત મહોત્સવ સમિતી, વસંતસ્મૃતી, દાદાસાહેબ ફાળકે માર્ગ, દાદર પૂર્વ , મુંબઈ - ૪૦૦૦૧૪ ખાતે પોતાના અનુભવો લખી પાઠવવા. તેમજ આપનું નામ, સરનામું અને ટેલિફોન નં. પણ લખવા એ મુજબની વિનંતી શ્રીમતી મહેતાએ કરેલ છે.

**(સંયુકત કાર્યવાહ)**